सत्यमेव जयते

**GJAN**080013002025 **-:નમુનો-અ:-** આંક-

| |
|---|
| **ઉમરેઠના મહેરબાનશ્રી એડિશનલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ** |
| **સાહેબની કોર્ટમાં, મુકામ: ઉમરેઠ .** |
| **ચુકાદાની તારીખ : ૦૨/૦૬/૨૦૨૬** |
| **ફોજદારી કેસ નં. : ૯૫૧/૨૦૨૫** |
| **ગુનાની વિગત** |

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ.એ.), ૯૮(૨), ૧૧૬(બી) મુજબ** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.૧૧૨૧૫૦૪૦૨૫૦૨૨૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ભાલેજ |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી : **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **આરોપી: વિજયસિંહ ઉર્ફે ભોપો નરસિંહભાઈ સોઢાપરમાર**<br>ઉ.વ.આ.-૨૧<br>રહે. ઝાલાબોરડી, જેસાપુરા, તા.ઉમરેઠ જી.આણંદ |
| રજુઆત | વિ.વકીલશ્રી : **જે.એમ.સૈયદ** |

**-:નમૂનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૫/૦૭/૨૦૨૫ |
| પ્લીની તારીખ | ૧૦/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | વિજયસિંહ ઉર્ફે ભોપો નરસિંહભાઈ સોઢાપરમાર | ૨૭/૦૬/ ૨૦૨૫ | | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫ (એ.એ.), ૯૮(૨), ૧૧૬(બી) મુજબ | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | અમનમીયા અકબરમીયા ચાવડા | પંચસાહેદ |
| ફ.સા. ૨ | મુકેશભાઈ બાધરભાઈ વસાવા | પંચસાહેદ |
| ફ.સા. ૩ | સત્યજીતસિંહ અરવિંદસિંહ | ફરીયાદી |
| ફ.સા. ૪ | યુસુફમીયા નજીરમીયા | ત.ક.અ |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચસાહેદ–અમનમીયા અકબરમીયા ચાવડાની જુબાની |
| ૨ | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૦ | પંચસાહેદ–મુકેશભાઈ બાધરભાઈ વસાવાની જુબાની |
| ૪ | ૧૨ | ફરીયાદી–સત્યજીતસિંહ અરવિંદસિંહની જુબાની |
| ૫ | ૧૩ | ફરીયાદ |
| ૬ | ૧૫ | ત.ક.અ–યુસુફમીયા નજીરમીયાની જુબાની |

## ::–ચુકાદો–::

### (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂ તા.૨૦/૦૬/૨૦૨૫ ના ક.૦૬/૪૫ થી ૦૮/૦૦ ના સુમારે મોજે, પણસોરા, પણસોરા ચોકડી, વ્રજ પેટ્રોલપંપ ની બાજુમાં અનામી કોમ્પલેક્ષની પાછળ ખુલ્લી જગ્યા ખાતે આરોપીએ પોતાના એકટીવા સ્કુટર રજી. નં.GJ23ED1476 ની ડિકીમાં તથા આગળના ભાગે મીણીયાની થેલીમાં (૧) રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હિસ્કી બ્રાન્ડના ૧૮૦ મી.લી.ના કાચના ક્વાર્ટર નંગ–૩૪ જે એક ક્વાર્ટરની કીંમત રૂ.૧૫૦/– લેખે કુલ–૩૪ ક્વાર્ટરની કીંમત રૂ.૫૧૦૦/– તથા (૨) રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હિસ્કી બ્રાન્ડની ૭૫૦ મી.લી.ની કુલ–૩ બોટલ જે એક બોટલની કીંમત રૂ.૬૦૦/– લેખે ત્રણ બોટલની કીંમત રૂ.૧૮૦૦/– તથા (૩) મેકડોવેલ્સ નંબર–૦૧ ઓરીજીનલ બ્લેન્ડેડ વીસ્કી બ્રાન્ડની ૭૫૦ મી.લી. બોટલ નંગ–૧ જેની કીંમત રૂ.૫૦૦/– મળી કુલ કીમત રૂ.૭૪૦૦/– નો પ્રોહી.મુદ્દામાલ એક્ટીવા સ્કુટર રજી. નં.GJ23ED1476 ની કીંમત રૂ.૫૦,૦૦૦/– મળી કુલ કીંમત રૂ.૫૭,૪૦૦/– નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ વગર પાસે પરમીટે પોતાના એક્ટીવામાં વેચાણ કરવાના હેતુસર હેરાફેરી કરતા આરોપી પોલીસને જોઇ પ્રોહી. મુદ્દામાલ તથા એક્ટીવા સ્કુટર સ્થળ ઉપર મુકી નાસી જઇ ગુનો કરેલ હોય આરોપી વિરુધ્ધ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના

અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**(૨) <u>ન્યાયિક કાર્યવાહી :–</u>**

આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪ થી ગુન્હા અંગે સમજ આપવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

<u>(૩)</u> ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

<u>(૪)</u> ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.સી.બારોટની મૌખિક દલીલો સાં ભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એમ.સૈયદની મૌખિક દલીલો સાંભળી.

**<u>–::મુદાઓ::–</u>**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂ તા.૨૦/૦૬/૨૦૨૫ ના ક.૦૬/૪૫ થી ૦૮/૦૦ ના સુમારે મોજે, પણસોરા, પણસોરા ચોકડી, વ્રજ પેટ્રોલપંપ ની બાજુમાં અનામી કોમ્પલેક્ષની પાછળ ખુલ્લી જગ્યા ખાતે આરોપીએ પોતાના એક્ટીવા સ્કુટર રજી. નં.GJ23ED1476 ની ડિકીમાં તથા આગળના ભાગે મીણીયાની થેલીમાં (૧) રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હિસ્કી બ્રાન્ડના ૧૮૦ મી.લી.ના કાચના ક્વાર્ટર નંગ-૩૪ જે એક ક્વાર્ટરની કીંમત રૂ.૧૫૦/- લેખે કુલ-૩૪ ક્વાર્ટરની કીંમત રૂ.૫૧૦૦/- તથા (૨) રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હિસ્કી બ્રાન્ડની ૭૫૦ મી.લી.ની કુલ-૩ બોટલ જે એક બોટલની કીંમત રૂ.૬૦૦/- લેખે ત્રણ બોટલની કીંમત રૂ.૧૮૦૦/- તથા (૩) મેકડોવેલ્સ નંબર-૦૧ ઓરીજીનલ બ્લેન્ડેડ વીસ્કી બ્રાન્ડની ૭૫૦ મી.લી. બોટલ નંગ-૧ જેની કીંમત રૂ.૫૦૦/- મળી કુલ કીમત રૂ.૭૪૦૦/- નો પ્રોહી.મુદ્દામાલ એક્ટીવા સ્કુટર રજી. નં.GJ23ED1476 ની કીંમત રૂ.૫૦,૦૦૦/- મળી કુલ કીંમત રૂ.૫૭,૪૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ વગર પાસે પરમીટે પોતાના એક્ટીવામાં વેચાણ કરવાના હેતુસર હેરાફેરી કરતા આરોપી પોલીસને જોઇ પ્રોહી. મુદ્દામાલ તથા એક્ટીવા સ્કુટર સ્થળ ઉપર મુકી નાસી જઇ ગુનો કરી **ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ- ૬૫(એ.એ.), ૯૮(૨), ૧૧૬(બી)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

<u>(૫)</u> ઉપરોક્ત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**-::કારણો::-**

**મુદા નંબર :- ૧**

(૬) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૦૮ થી પંચસાહેદ અમનમીયા અકબરમીયા ચાવડા અને આંક–૧૦ થી પંચસાહેદ મુકેશભાઈ બાધરભાઈ વસાવાની જુબાની થયેલ છે. તેમજ આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદ સદર પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે. જેથી આંક–૦૯ વાળું પંચનામું પંચની જુબાનીથી પુરવાર થતું નથી.

(૭) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૧૨ થી સદર કામના ફરીયાદી સત્યજીતસિંહ અરવિંદસિંહની જુબાની થયેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર ફરીયાદીની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે તેઓ કેટલા વાગે બનાવવાળી જગ્યાએ ગયેલા તેનો સમય તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ખાનગી વાહનોનના નંબર તથા તેઓના માલીકના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોના માણસો કોણ બોલાવવા ગયેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં ઘણા બધા માણસો રહે છે. એ વાત ખરી છે કે આરોપીને કયાં પોલીસના માણસે બુમ પાડીને ઉભો રાખેલ તે પોલીસનું નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. સાહેદ જણાવે છે કે આરોપી નાસી ગયેલ ત્યારે જગ્યા ઉપર કોઈ સ્વતંત્ર સાહેદો હતા નહી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી આવો કોઈ પ્રોહી મુદ્દામાલ મળેલ નથી પણ સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે.

(૮) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૧૫ થી સદર કામના ત.ક.અ યુસુફમીયા નજીરમીયાની જુબાની થયેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર ત.ક.અની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે

તેઓ કેટલા વાગે બનાવવાળી જગ્યાએ ગયેલા તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ખાનગી વાહનોનના નંબર તથા તેઓના માલીકના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોના માણસો કોણ બોલાવવા ગયેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં ઘણા બધા માણસો રહે છે. એ વાત ખરી છે કે આરોપીને કયાં પોલીસના માણસે બુમ પાડીને ઉભો રાખેલ તે પોલીસનું નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામામાં પંચોની સહીઓ કરાવી લીધેલ. એ વાત ખરી છે કે હાલના કામે કોઇ એફ.એસ.એલ રીપોર્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ દાખલ કરેલ છે અને ખોટી જુબાની આપે છે.

<u>(૯)</u> આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબજામાંથી દારૂ કબ્જે કરેલ હોવાનો અને પ્રોસીક્યુશનનો કેસ છે. વધુમાં આ કામે ચાર્જસીટમાં દર્શાવેલ અન્ય સાહેદોને ફરીયાદપક્ષ કોર્ટમાં હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે વધુમાં કહેવાતી ઝડતી વાળી જગ્યા જાહેર જગ્યા છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. જો તેઓના નિવેદન લેવામાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય. જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબં

ઘે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે, જયારે પંચ સાહેદ દવારા પં ચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)**માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે કરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યૃ ગણાય નહી. વધુમાં , **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપત પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબૉરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદ પક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદી જુબાનીમાં ઉલ્ટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ બંને પંચ સાહેદો તટસ્થ પંચ સાહેદો છે. તેમ છતાં તેઓએ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદોનું સમર્થન

મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::: આખરી હુકમ :::**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે સદર કામના આરોપી વિજયસિંહ ઉર્ફે ભોપો નરસિંહભાઈ સોઢાપરમારનાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ.એ.), ૯૮(૨), ૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને આ ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ રાખવાનો અને જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો યોગ્ય માલીકીની ખરાઈ કરી મુદ્દામાલ વાહન પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૨ જી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ.

તારીખ : ૦૨/૦૬/૨૦૨૬

**(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
એડિશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરેઠ
***(JUDGE CODE GJ-01692)***

D.M.Talpada-Steno.